# ૩૭મો ત્રિદિવસીય ગ્રંથાલય સેમિનાર

**ગ્રંથાલય સેવા સંઘના પ્રિય મિત્રો,**

જામનગર જિલ્લા ગ્રંથપાલ મંડળના આમંત્રણને સ્વીકારી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, આયોજિત ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૭મો રાષ્ટ્રીય અને ૩૭મો રાજ્યકક્ષાનો ત્રિદિવસીય ગ્રંથાલય પરિસંવાદ દ્વારકા મુકામે યાત્રિક નિવાસમાં રાજા રામમોહન રૉય લાઈબ્રેરી ફાઉન્ડેશન-કોલકાતા અને ગ્રંથાલય ખાતુ, ગાંધીનગરના સહયોગથી તા. ૨૬, ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨, શનિવાર, રવિવાર અને સોમવારના દિવસોએ યોજવાનું નકકી કરવામાં આવ્યું છે.

**(ક) પરિસંવાદના સ્થળે આવવા અંગેની માહિતી :**

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના આ ગ્રંથાલય પરિસંવાદના ઉત્તમ આયોજન માટે આપ સૌના હાર્દિક સહકારની અપેક્ષા છે. કોઈપણ પ્રતિનિધિને તકલીફ ન પડે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

દ્વારકા વિષે ગ્રંથપાલ મિત્રોને માહિતી આપવી એ દિવો લઈને પ્રકાશ શોધવા જેવી વાત કહેવાય. ગ્રંથપાલ એટલે 'ઈન્ફર્મેશન ઑફિસર' માટે તેની પાસે સર્વ જાણકારી હોય જ. તેમ છતાં અત્રે માહિતી આપવી ઉચિત ગણાશે.

**દ્વારિકા નગરી :**

આદ્ય શંકરાચાર્યે હિન્દુ ધર્મના પ્રચાર-પ્રસાર અને તેના ઉદ્ધાર માટે દેશની ચારેય દિશામાં મઠની સ્થાપના કરી. પશ્ચિમ દિશામાં ગૂર્જર પ્રાંતની દ્વારિકા નગરીમાં તેમણે આવા મઠની સ્થાપના કરી. આ મઠ 'શારદાપીઠ' તરીકે ઓળખાય છે.

હિન્દુ શાસ્ત્રો અને વેદોમાં પણ જેનો ઉલ્લેખ જોવા મળે છે તેવી આ દ્વારિકાનગરી ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ કારણે પ્રસિદ્ધ છે. કંસના વધનું વેર લેવા જરાસંધ અને કાલયવને જ્યારે મથુરા પર ચડાઈ કરી ત્યારે યાદવકુળનો નાશ અટકાવવા શ્રીકૃષ્ણ દેશના પશ્ચિમ કાંઠે યાદવોને લઈ આવ્યા અને જે નગરીનું નિર્માણ કર્યું તે આ દ્વારિકા. પશ્ચિમ કાંઠે દેશનું પ્રવેશદ્વાર એટલે આ દ્વારિકા. પ્રાગ્ ઐતિહાસિક કાળમાં એસિરિયાનાં (જૂનાં કાળનું ગ્રીસ તરફનું બંદર) વહાણો અહીં લાંગરતાં અને અહીંથી આગળ ઈરાન-અરબસ્તાન બાજુ જતાં.

ભગવાન શ્રીકૃષ્ણે વસાવેલી આ નગરી સુવર્ણ દ્વારિકા કહેવાતી. પુરાણ કાળમાં તેની સમૃદ્ધિ અને ભવ્યતાનાં ઘણાં વર્ણનો શ્લોક, કાવ્ય અને ઋચાના રૂપમાં જોવા મળે છે. કહેવાય છે કે શ્રીકૃષ્ણે તેમના દેહોત્સર્ગ વેળાએ યાદવકુળને સંદેશ પાઠવ્યો હતો કે, ''તમે સહુ દ્વારિકા ત્યજી દેજો નહીં તો વિનાશ નક્કી છે.'' અને ખરેખર તેમના દેહોત્સર્ગ પછી દ્વારિકાનગરી સમુદ્રમાં સમાઈ ગઈ છે. પુરાણોમાં જે સુવર્ણ દ્વારિકાનો ઉલ્લેખ છે તે તો સમુદ્રમાં ગરક થઈ ગઈ છે. હાલની દ્વારિકા તો નવી નગરી છે.

ઉત્ખનન-નિષ્ણાતોએ તેમના શોધ-સંશોધન દ્વારા સિદ્ધ કર્યું છે કે મૂળ દ્વારિકા નગરી અહીંના દરીયામાં ચાર-ચાર વખત ડૂબી છે જેના અવશેષો પણ હાલના સમુદ્ર-ઉત્ખનનમાં મળી આવ્યા છે.

આજની દ્વારિકા ગુજરાતના યાત્રાધામ તેમજ આદ્ય શંકરાચાર્યએ સ્થાપેલ ચાર મઠોમાંના એક મઠ તરીકે પ્રસિદ્ધ છે. અહીંના મુખ્ય મંદિરમાં દ્વારિકાધીશ બિરાજમાન છે. ગર્ભગૃહમાં દ્વારિકાધીશની લગભગ ત્રણ ફૂટ ઊંચી ચતુર્ભૂજ વિષ્ણુ સ્વરૂપ શ્યામવર્ણી મૂર્તિ મનોહારી છે. મંદિરની ઉપરના મજલે સભામંડપની

એક તરફ કૃષ્ણભ્રાતા બલરામની મૂર્તિ વિદ્યમાન છે. દ્વારિકા જેવા તીર્થરાજા જ્યાં હોય ત્યાં તેની ફરતે આજુબાજુ બીજાં ઘણાં નાનાં-મોટાં મંદિરો પણ હોય જ. જ્યાં યાત્રાળુઓ અને શ્રદ્ધાળુઓનો પ્રવાહ સતત વહેતો હોય ત્યાં તેમને રહેવા માટે ધર્મશાળાઓ પણ હોય. દ્વારિકાનગરીમાં પણ અસંખ્ય મંદિરો અને વિવિધ જ્ઞાતિ-સંપ્રદાયની ધર્મશાળાઓ આવેલી છે.

દ્વારિકા નગરીથી ૩૦-૩૨ કિ.મી. દૂર દરિયામાં શંખોદ્ધાર બેટ છે જેને સહુ બેટદ્વારકા તરીકે ઓળખે છે. પોતાના વસવાટ દરમિયાન રાજા શ્રીકૃષ્ણ પોતાના કુટુંબકબીલા સહિત અહીં રહેતા તેવો ઉલ્લેખ વિવિધ કથા-વાર્તાઓમાં છે. અહીં બેટદ્વારકામાં મુખ્ય રણછોડરાયજીનું મંદિર અને 'શંખ-ઉદ્ધાર' એ જાણીતા સ્થળ છે. અહીં એક મત્સ્યાવતારનું મંદિર પણ દર્શનીય છે.

શંખોદ્ધાર નામ જ બતાવે છે કે શંખનો ઉદ્ધાર. શંખ નામના અસુરનો ભગવાન શ્રીકૃષ્ણે જ્યાં ઉદ્ધાર કર્યો જે જગ્યા એટલે શંખોદ્ધાર બેટ - બેટ દ્વારિકા. કોક વળી વિષ્ણુના હાથમાં રહેલ શંખ - કૃષ્ણના પંચજન્ય શંખ સાથે પણ આ પુરાણપ્રસિદ્ધ બેટને સાંકળે છે. આજે આ બેટની ફરતે દરિયામાં ઘણાં શંખો પેદા થાય છે. બેટદ્વારિકા પાસેનું ગોપી તળાવ પણ પુરાણપ્રસિદ્ધ છે. અહીંથી જે માટી નીકળે છે તેને સહુ 'ગોપીચંદન' કહે છે. અહીં નજીકમાં જ વન છે. તે પુરાણપ્રસિદ્ધ દ્વારિકાવન તરીકે પ્રચલિત છે. આ વનમાં ભગવાન શિવનું - નાગનાથનું મંદિર છે. જે શિવજીનાં પવિત્રમ્ બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે.

હાલની દ્વારિકા અને તેના આસપાસના વિસ્તારનું હવે ધીરે ધીરે ઔદ્યોગિકીકરણ થઈ રહ્યું છે. દ્વારિકા અને જામનગર વચ્ચે ટાટાનું ઔદ્યોગિક સંકુલ આવેલું છે. જે મીઠાપુર તરીકે વધુ પ્રચલિત છે. ત્યાં કેમિકલ અને મીઠાનું બહોળા પ્રમાણમાં ઉત્પાદન કરવામાં આવે છે. અહીં બનતો સોડાએશ સમગ્ર ભારત અને હવે તો ભારત બહાર પણ જાય છે. સોડાએશ ઘણાં ઔદ્યોગિક હેતુઓ માટે ઉપયોગમાં આવે છે. મીઠાપુરમાં ટાટાનો રાસાયણિક ખાતર બનાવવાનો પણ મોટો પ્લાન્ટ છે.

આમ, પ્રાચીન-અર્વાચીન દ્વારિકા જોવા દૂર દૂરથી પ્રવાસીઓ આવતા રહે છે. શ્રીકૃષ્ણ જ્યાં શાસક તરીકે બિરાજમાન હતા તે નગરીની અનુભૂતિ મેળવવી કોને ન ગમે ?

આપણે સૌ આપણા વ્યવસાયમાં નિપુણતા મેળવતા રહીએ એટલે કે, નવા જમાનામાં નવી ટૅક્નૉલૉજીથી અપડેટ થઈ આપણાં ગ્રથાલયોમાં તેનો અમલ કરી આપણા ગ્રંથાલયોનો ઉપયોગ કરવા આપણા જિજ્ઞાસુઓની અપેક્ષા પૂર્ણ કરી શકીએ તો આપણા સૌનું વ્યવસાયિક જીવન સાર્થક થયું કહેવાય. આ સેમિનારમાં હાજરી આપી કશુંક તો લઈને જવાનું છે. પેલી કહેવત પ્રમાણે ''પોદળો ઉપડે તો થોડીક ધૂળ લઈને જ ઉપડે'' તો ચાલો ઐતિહાસિક પ્રાચીન નગરીમાં નૈસર્ગિક વાતાવરણ અનુભવતા-માણતા સેમિનારમાં હાજરી આપી ઓતપ્રેત થઈ જઈએ.

**(ખ) પરિસંવાદના વિષયો :**

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા આયોજિત આગામી પરિસંવાદના વિષય પસંદગી માટે તજજ્ઞોની બેઠકમાં સાંપ્રત સમયને ધ્યાનમાં રાખી સઘન ચર્ચા-વિચારણાને અંતે મુખ્ય વિષય તરીકે નીચે દર્શાવેલ વિષયોની પસંદગી કરવામાં આવી છે. આજના ૨૧મી સદીના સંદર્ભમાં ગ્રંથાલય વ્યવસાયિકો પાસે કૌશલ્યો અને પડકારો ઝીલવાની ક્ષમતાઓ કેટલી છે તે ચકાસવાનો સમય પાકી ગયો છે. એ હેતુથી પરિસંવાદના મુખ્ય વિષય (Main theme) તરીકે પસંદ કરવામાં આવ્યો છે. સદરહુ વિષય જણાવ્યા મુજબના ચાર પેટા વિભાગોમાં વિભાજિત કરેલ છે.

# Subject of the Conference

(1) Directions towards development of all types of libraries, public academic and R & U libraries : Libraries of New Millenium.

**(A) Role of Libraries in open Education System.**

1.1 Concept and Opportunities of Open Learning in Library and information Science.

1.2 Open Source Learning Management System.

1.3 Role of Academic Libraries in Open Learning & Education.

1.4 Role of Public Libraries in Open Learning & Education.

1.5 Role of Research Libraries in Open Learning & Education.

**(B) Future Trends of Research in the field of Library and Information Science.**

2.1 Recent Trends and issues in LIS

2.2 Need for The Thrust Research Areas in LIS

2.3 New Vision, Areas and Advanced & Research in LIS

**(C) Role of Public Libraries in the Development of Rural Society.**

3.1 Present Situation of Public Libraries in Rural Area.

3.2 Need for Modernization of Public Libraries.

3.3 Information need of Rural Users.

3.4 Role of Libraries to Satisfy The User's need of Rural Society.

**(D) Digital Landscape : Re-invention and Re-engineering of Libraries : Trends Issues and challenges.**

4.1 Transformation of Traditional Libraries in Digital Era.

4.2 Use of Emerging and Innovative Technologies in Libraries.

4.3 Concept of Digital Libraries; and need, issues and challenges of Digitization.

4.4 Changing role of Librarians Collection Development to Content Management.

4.5 Library and Information Science Education & Research in Digital Environment.

4.6 IPR and Professional ethics in the digital environment.

# નવી સદીના ગ્રંથાલયો

**(૧) મુક્ત શિક્ષણ પદ્ધતિમાં ગ્રંથાલયોની ભૂમિકા**

૧.૧ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં મુક્ત શિક્ષણ : વિભાવના અને તકો.

૧.૨ ઓપન સોર્સ લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ

૧.૩ મુક્ત શિક્ષણ પ્રણાલીમાં શૈક્ષણિક ગ્રંથાલયોની ભૂમિકા

૧.૪ મુક્ત શિક્ષણ પ્રણાલીમાં જાહેર ગ્રંથાલયોની ભૂમિકા

**(૨) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રે સંશોધનના ભાવિ પ્રવાહો**

૨.૧ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં અદ્યતન પ્રવાહો અને સમસ્યાઓ

૨.૨ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રે નવીન સંશોધનની તાતી જરૂરિયાત

૨.૩ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં નવો દૃષ્ટિકોણ, ક્ષેત્રો અને અદ્યતન સંશોધનો.

**(૩) ગ્રામીણ સમાજના વિકાસમાં જાહેર ગ્રંથાલયોની ભૂમિકા**

૩.૧ ગ્રામીણ ક્ષેત્રોમાં જાહેર ગ્રંથાલયોની પ્રવર્તમાન સ્થિતિ.

૩.૨ જાહેર ગ્રંથાલયોના આધુનિકરણની જરૂરિયાત

૩.૩ ગ્રામીણ ઉપભોક્તાઓની માહિતી જરૂરિયાત

૩.૪ ગ્રામીણ સમાજના ઉપભોકતાઓની જરૂરિયાત સંતોષવામાં ગ્રંથાલયોની ભૂમિકા

**(૪) ડિજિટલ પરિવેશ : ગ્રંથાલયો માટે પુનઃ શોધ અને પુનઃ માળખું : પ્રવાહો, સમસ્યાઓ અને પડકારો**

૪.૧ ડિજીટલ યુગમાં પરંપરાગત ગ્રંથાલયોનું રૂપાંતરણ

૪.૨ ગ્રંથાલયોમાં વિશિષ્ટ અને અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ.

૪.૩ ડિજીટલ ગ્રંથાલયોની વિભાવના : ડિજીટાઈઝેશનની જરૂરિયાત, સમસ્યાઓ અને પડકારો

૪.૪ ગ્રંથપાલોની બદલાતી ભૂમિકા : સંગ્રહ વિકાસથી વિષયવસ્તુ વ્યવસ્થાપન.

૪.૫ ડિજીટલ વાતાવરણમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન

૪.૬ ડિજીટલ વાતાવરણમાં બૌદ્ધિક સંપદા અધિકાર અને વ્યવસાયિક નીતિમત્તા.

ઉપરોક્ત ચાર વિષયોમાંથી પસંદગી કરીને કોઈ એક વિષય ઉપર પોતાનો લેખ રજૂ કરવાનો રહેશે. પસંદ કરેલા વિષયમાં પણ વિષય વ્યાપ અત્યંત વિશાળ હોવાથી આપની પસંદગીના એકાદ મહત્વના મુદ્દા પર પણ અભ્યાસપૂર્ણ લેખ તૈયાર કરી શકાય.

આમ મૂળ થીમને કેન્દ્રમાં રાખી દરેક પેટા મુદ્દા વિષયક આધારભૂત માહિતી સાથેના સ્વતંત્ર લેખો તૈયાર કરી તા. ૨૫ મી જાન્યુઆરી, ૨૦૨૨ સુધીમાં મોકલી આપવા ખાસ વિનંતી છે.

**(ગ) લેખો તૈયાર કરવા અને ગ્રંથાલય પરિસંવાદમાં રજિસ્ટર કરવા અંગે લેખકો માટે જરૂરી માહિતી :**

(૧) નક્કી કરેલા વિષયોમાંથી કોઈ પણ વિષય/વિષયો ઉપર, આપેલ સૂચના પ્રમાણે લેખ/લેખો તૈયાર કરીને ત્રણ નકલમાં, સારસંક્ષેપ તથા સીડી સાથે નક્કી કરેલી ફીની રકમ એટપાર ચેક/ડીડીથી તથા લેખકો માટેનું ફોર્મ ભરીને તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૨૨ પહેલા ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખને મોકલી આપશો. તે પછી આવેલા લેખો સ્વીકારાશે નહીં, લેખ/લેખો ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં લખી શકાશે.

(૨) લેખની અંદર વ્યવહારમાં ઉપયોગી થાય તેવા સૂચનોની ચર્ચા કરવી.

(૩) લેખ એ-૪ સાઈઝમાં ડબલ સ્પેસમાં ટાઈપ કરેલો હોવો જરૂરી છે. હાથે લખેલા લેખ કે ફુલસ્કેપ સાઈઝના કાગળમાં ટાઈપ કરેલા લેખો સ્વીકારાશે નહીં.

(૪) લેખને, વાળીને મોકલવો નહીં. એ-૪ સાઈઝનો પેપર આવે તેવા કવરમાં લેખને મોકલવો. સીડી તૂટી ન જાય તે રીતે સીડી સુરક્ષિત કવરમાં મોકલવી.

(૫) લેખ વધુમાં વધુ ૩૦૦૦ (ત્રણ હજાર) શબ્દોમાં તૈયાર કરવો. એથી ઓછું લખાણ હશે તો તે ચાલશે. લેખમાં સામાન્ય અને બિનજરૂરી માહિતી જણાવવાની જરૂર નથી.

(૬એ) ટાઈપીંગ અંગે ખાસ સૂચના : લેખ એ-૪ સાઈઝના કાગળમાં ઉપર નીચે એક-એક ઈંચનો અને ડાબી બાજુએ બે ઈંચનો અને જમણી બાજુએ એક ઈંચનો હાંસિયો રાખીને ડબલ સ્પેસમાં ટાઈપ કરાવવો. ફોન્ટ સાઈઝ : ટાઈટલ માટે ૧૪ અને અંદરની મેટર માટે ૧૨ની સાઈઝના ફોન્ટનો ઉપયોગ કરવો.

(૬બી) લેખ જો ગુજરાતીમાં હોય તો કમ્પ્યુટર પર ટાઈપ કરાવી તેના ફોન્ટ લેખની સીડી સાથે મોકલવા. લેખ બને ત્યાં સુધી **બી ભારતી ગોપીકા ટુ** માં મોકલવા ખાસ વિનંતી.

(૭) લેખકે/લેખકોએ પોતાના લેખનો સાર સંક્ષેપ તથા તેમના નામ, સંસ્થાનું નામ, ઘરનું સરનામું, મોબાઈલ નં., ઈ-મેઈલ તથા જન્મ તારીખ વગેરે ફક્ત પ્રથમ પેજ ઉપર લખવું. અન્ય પેજ ઉપર તેમનું/ના નામ ન લખવું/વા. તથા માત્ર ફક્ત શીર્ષક જ લખવા વિનંતી છે. સાર ૨૦૦ શબ્દોની મર્યાદામાં લખવો સાથે આપનો પાસપોર્ટ સાઈઝનો ફોટો પાછળ નામ લખી મોકલવો.

(૮) યોગ્ય ગુણવત્તા યુક્ત લેખો તૈયાર થાય અને પ્રસિદ્ધ થાય તે માટે લેખ લખવા માટે ઉપયોગમાં લીધેલ સાહિત્ય સામગ્રીના સંદર્ભોની પૂર્ણ વિગતો આપવી અને લેખમાં તેનો જ્યાં ઉપયોગ કર્યો હોય ત્યાં અનુક્રમ નંબર આપીને ઉલ્લેખ કરવો અત્યંત જરૂરી છે. એકલા સંદર્ભોની યાદી આપવી નહીં, તેનો કોઈ જ અર્થ રહેતો નથી. લેખ લખવા માટે બીજાના લખાણમાંથી સંદર્ભ આપ્યા સિવાય, ઉતારા કરવા નહીં આની જાણ થશે તો લેખકનું નામ તથા સરનામું હવેથી જાહેર કરવામાં આવશે. સાહિત્ય ચોરી ના કરશો. મૌલિક લખાણ લખવા પ્રયત્ન કરશો.

(૯) સામાન્ય સભામાં નક્કી કર્યા મુજબ લેખ સાથે દરેક લેખક દીઠ રૂપિયા ૫૦૦/- મોકલવાના રહેશે. પરિસંવાદમાં લેખ રજૂ થયે રૂપિયા ૩૦૦/ (અંકે રૂપિયા ત્રણસો) પરત કરવામાં આવશે. લેખ રજૂ કરતી વખતે લેખના સર્વ લેખકોએ પરિસંવાદમાં રજિસ્ટ્રેશન કરાવવું તથા હાજર રહેવું ફરજિયાત છે. ગેરહાજર રહેનાર લેખક/કોને કોઈ પણ રકમ પરત મળશે નહીં કે પ્રમાણપત્ર પણ મળશે નહીં.

(૧૦) વિદ્યાર્થીઓ, નિવૃત્ત ગ્રંથપાલો,સરકારી અનુદાન લેતા સાર્વજનિક ગ્રંથાલયોના ગ્રંથપાલોએ લખેલા લેખો સાથે કોઈ પણ રકમ મોકલવાની નથી પરંતુ નિવૃત્તો સિવાયના લેખક/કોએ જે તે સંસ્થાનું પ્રમાણપત્ર લાવવું જરૂરી છે. અન્ય લેખકોએ રૂા. ૫૦૦/- લેખક દીઠ મોકલવાના છે.

(૧૧) જેઓ પરિસંવાદ સમયે લેખ લખીને લાવશે તેઓએ રૂપિયા ૨૦૦/- લેખક દીઠ ભરવાના રહેશે. આ રકમ પરત મળશે નહીં. લેખ યોગ્ય લાગશે અને સમય હશે તો જ તે રજૂ કરવાની મંજૂરી આપવામાં આવશે.

(૧૨) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના બી. લિબ અને એમ. લિબના વિદ્યાર્થીઓને વિનંતી કે તેઓ તેમના લેખો માટે તેમના અધ્યાપકો કે ડીપાર્ટમેન્ટના વડાનું માર્ગદર્શન મેળવે અને સંસ્થાના વડા દ્વારા ફોર્વર્ડિંગલેટર સાથે જ લેખ વગેરે મોકલે. વિદ્યાર્થીઓએ પણ લેખની ત્રણ નકલો, સારસંક્ષેપ અને સી.ડી. અત્રે ઉપર આપેલી સૂચનાઓ પ્રમાણે મોકલવાની રહેશે.

**(ઘ) લેખ પુરસ્કાર :**

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘે નક્કી કર્યા મુજબ તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૨૨ સુધીમાં આવેલા લેખોમાંથી નીચે જણાવેલા પ્રકારમાંથી ઉત્તમ લેખોને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવશે. આ માટે લેખકે/લેખકોએ પરિસંવાદમાં લેખ રજૂ કરવો જરૂરી છે.

(૧) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના બી.લિબ અને એમ.લિબના વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા એક ઉત્તમ લેખને.

(૨) ગ્રંથાલયમાં કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું શિક્ષણ આપતા ૪૦ વર્ષથી નીચેના ગ્રંથપાલો કે શિક્ષકો દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા એક ઉત્તમ લેખને.

(૩) ગ્રંથાલયમાં કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું શિક્ષણ આપતા ૪૦ વર્ષથી ઉપરના ગ્રંથપાલો કે શિક્ષકો દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા એક ઉત્તમ લેખને.

(૪) નિવૃત્ત ગ્રંથપાલો કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના નિવૃત શિક્ષકો દ્વારા લખાયેલા લેખોના દરેક લેખકને જો તે લેખ રજૂ કરશે તો તેઓ સર્વને યોગ્ય રીતે પુરસ્કૃત કરવામાં આવશે.

લેખકની ઉપરોક્ત ચાર કક્ષાઓમાંથી કક્ષા નક્કી કરવા માટે લેખક/લેખકોની **જન્મ તારીખ લખવી અતિ આવશ્યક છે. વધુમાં માત્ર વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી શબ્દ લખવો.**

**ખાસ નોંધ** : લેખના પ્રકાશન માટે કે ફેરફાર અંગેનો કે ફક્ત સારસંક્ષેપ જ છાપવા અંગેનો સંપાદન સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**પ્રતિનિધિએ આ ફોર્મ તા. ૩૦-૦૧-૨૦૨૨**

પહેલા સંપૂર્ણ વિગતો ભરીને ડીડી/એટ પાર ચેક સાથે મોકલવા વિનંતી

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૭ મો રાષ્ટ્રીય અને ૩૭મો ગ્રંથાલય પરિસંવાદ, દ્વારિકા

તા. ૨૬, ૨૭ અને ૨૮, ફેબ્રુઆરી, ૨૦૨૨, શનિવાર, રવિવાર, સોમવાર

પ્રતિ,
શ્રી પંકજ બાવિશી
પ્રમુખ, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫, મનીષ સોસાયટી, સુંદરનગર પાસે,
અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

આ ફોર્મની ઝેરોક્ષ કરી તે ભરીને મોકલવું.

ભાઈશ્રી,
હું ૭મો રાષ્ટ્રીય અને ૩૭મા ગ્રંથાલય પરિસંવાદમાં દ્વારકા મુકામે હાજરી આપીશ.
મારી વિગત નીચે મુજબ છે.

(૧) પ્રતિનિધિનું નામ : (અટક પહેલા લખવી)

____________________________________________

(૨) પૂરું સરનામું : ____________________________________

____________________________________________

______________________________ પીન ______________

ફોન નં. STD Code સાથે (રહે.) ______________ (મો.) ______________

(૩) હોદ્દો ____________________

(૪) સંસ્થાનું નામ અને સરનામું : ____________________________

____________________________________________

ફોન નં. સાથે (ઓ.)

(૫) ઈ-મેઈલ આઈડી ____________________________________

(૬) લાગુ પડે ત્યાં યોગ્ય ટીક માર્ક કરો :

- હું સાર્વજનિક ગ્રંથાલય સરકારી અનુદાન મેળવતા ગ્રંથાલયમાં કામ કરું છું. ☐
- હું વિદ્યાર્થી છું. ☐ • હું નિવૃત્ત છું. ☐ • હું અધ્યાપક છું. ☐ ટીક કરો.
- હું સંઘનો આજીવન સભ્ય નથી તેથી સંઘની વાર્ષિક સભ્ય ફી ₹ ૨૦૦/- અથવા આજીવન સભ્ય ફી ₹ ૧૫૦૦/- પ્રતિનિધિ ફી ની રકમ સાથે ઉમેરીને કુલ રકમ મોકલાવેલ છે.

આ સાથે ડીડી/એટ પાર ચેકથી ₹ ______________ મોકલ્યા છે. વિગતો ડીડી/ચેક પાછળ લખી છે.

સ્થળ : લી.

તારીખ : / /૨૦૨૧/૨૨ (સામે જુઓ)

(૧) આપનો ચેક (એટપારનો) અથવા ડી.ડી. આ ફોર્મ સાથે નીચેના સરનામે મોકલવો.
(૨) કો-ઓપરેટિવ બૅંકનો ચેક મોકલવો નહીં.
(૩) બૅંક બેલેન્સ સિવાયનો ચેક પણ મોકલવો નહીં.

| |
|---|
| આ ફોર્મની ઝેરોક્ષ કરી તે ભરીને મોકલવું. |

**ગંધકવાલા કિરીટકુમાર બચુભાઈ (મંત્રી)**
**૫, પ્રણામ એપાર્ટમેન્ટ, મોઢ ચાંપાનેર સોસાયટી,**
**પોસ્ટ ઓફીસ પાછળ, ઉસ્માનપુરા, આશ્રમ રોડ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૧૩.**

ભાઈશ્રી,

મેં નીચે મુજબનો ડીડી/એટ પાર બૅંકનો ચેક નં. ____________________

તા. ____________ / ____________ બૅંક ____________________________

ગામ ______________ શાખા ____________________________________

રૂપિયા ________________________________________ નો બીડ્યો છે. ચેક પાછળ મારું નામ, સ્થળ અને મોબાઈલ નંબર લખ્યો છે.

| | |
|---|---|
| ભોજન, રહેઠાણ અને ડેલીગેટ ફી વગેરેના | ₹ ૧૦૦૦ |
| માત્ર ભોજન અને ડેલીગેટ ફી ના | ₹ ૮૦૦ |
| સંઘની સભ્ય ફીના (વાર્ષિક/આજીવન)૨૦૦ અથવા ૧૫૦૦ | ₹ ______________ |
| કુલ ચેકની/ડીડીની રકમ | ₹ ______________ |

સ્થળ :

તારીખ : / /૨૦૨૧/૨૨ લી.

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૭મો રાષ્ટ્રીય અને ૩૭મો ગ્રંથાલય પરિસંવાદ, અમદાવાદ

**ગ્રંથપાલ મિત્રોને 'બુક ઓફ પેપર્સ'માં જાહેરખબર મેળવી આપવા નમ્ર વિનંતી છે.**
**જાહેરખબરના દર નીચે મુજબ છે.**

**સાઇઝ : ૨૪ સે.મી. ૧૭ સે.મી. : આખું પાનું**
**સાઇઝ : ૧૨ સે.મી. ૧૭ સે.મી. : અડધું પાનું**

| | |
|---|---|
| **– ચોથું ટાઇટલ પેઇજ મલ્ટી કલરમાં** | **₹ ૧૦,૦૦૦/-** |
| **– બીજું અને ત્રીજું ટાઇટલ પેઇજ મલ્ટી કલરમાં** | **₹ ૫,૦૦૦/-** |
| **– મલ્ટી કલરમાં ખાસ પેઇજ :** | **₹ ૫,૦૦૦/-** |
| **– સામાન્ય પૃષ્ઠ ઉપર : એક પેઇજના** | **₹ ૧,૫૦૦/-** |
| **– સામાન્ય પૃષ્ઠ ઉપર : અડધા પેઇજના** | **₹ ૧,૦૦૦/-** |

દરેક ગ્રંથપાલને વિનંતી નાની-મોટી એક જાહેરાત મોકલશો.

**ચેક તથા જાહેરાતનું મેટર "ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદ"ને મોકલવા વિનંતી છે.**

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૭મો રાષ્ટ્રીય અને ૩૭મો ગ્રંથાલય પરિસંવાદ, દ્વારકા

તા. ૨૬, ૨૭ અને ૨૮, ફેબ્રુઆરી, ૨૦૨૨

લેખકો દ્વારા લેખ સાથે ઝેરોક્ષ નકલમાં ભરીને

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદના ઉપપ્રમુખને નીચેના સરનામે મોકલવાનું ફોર્મ

છેલ્લી તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૨૨

### Author's Declaration Form

૧. લેખકનું નામ, સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ (અટક પહેલા લખવી)

નામ : ____________________

સરનામું : ____________________

____________________

____________________ પીનકોડ : ____________

ઈ-મેઈલ : ____________________ મો. : ____________

૨. લેખકની જન્મ તારીખ : ____________ (પાસપોર્ટ સાઈઝનો ફોટો મોકલવો.)

૩. લેખનું શીર્ષક ____________________

૪. લેખ તથા તે રજૂ કરવા માટેની કુલ ફી (દરેક લેખકના ₹ ૫૦૦ પ્રમાણે) નીચેની વિગતે મોકલેલ છે.

૫. નાણાં ચૂકવણીની વિગતો : (બૅંક, ચેક નં., રકમ, તારીખ વગેરે)

બૅંકનું નામ ____________________ બ્રાંચ ____________

ચેક નં. ____________ તારીખ ____________ ૨૦૨૧

રકમ ₹ ____________ અંકે ₹ ____________________

૬. લેખની ત્રણ નકલો, સાર સંક્ષેપ તથા CD આ સાથે સામેલ કરી છે.

૭. વિદ્યાર્થીએ આ ફોર્મ પોતાના સંસ્થાના વડા દ્વારા મોકલવું જરૂરી છે.

૮. હું/અમો આથી જાહેર કરું છું / કરીએ છીએ કે મારો / અમારો લેખ લખવા માટે લેખકનો ઉલ્લેખ કર્યો કે રેફરન્સ આપ્યા વગર મેં / અમોએ ક્યાંયથી પણ સાહિત્ય ચોરી કરી નથી અને આ લેખ બીજે પ્રસિદ્ધ થયેલો નથી તથા પ્રસિદ્ધ કરવા મોકલ્યો નથી. લેખ માટે હું / અમો સંપૂર્ણ જવાબદાર છું/છીએ. મને/ અમને ખબર છે કે આવું કરવાથી અમારી સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

તારીખ : / /૨૦૨૧/૨૨ લેખકની સહી

નોંધ : લેખ એક કરતા વધારે લેખકો દ્વારા લખાયેલ હોય તો આ ફોર્મની ઝેરોક્ષ કઢાવવી. દરેક લેખકે અલગ-અલગ ફોર્મ ભરવાનું છે.

**ઉપપ્રમુખનું સરનામું : નવલસિંહ કે. વાઘેલા - એ/૩, અભિનંદન સ્વામી સોસાયટી, ન્યુ નિકીતા પાર્ક પાસે, ગુરૂકૂળ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨. મો. : 98258 36136**

**(ચ) ભોજન, રહેઠાણ વગેરેની ફી અંગે :**

રાજા રામમોહન રૉય લાઈબ્રેરી ફાઉન્ડેશન કોલકાતા, ગ્રંથાલય ખાતુ, ગ્રંથાલય રાજ્ય તરફથી આર્થિક અનુદાન આવવાની અપેક્ષાએ ભોજન અને ઉતારા ફી વગેરેમાં યોગ્ય સબસીડી આપ્યા બાદ આ ગ્રંથાલય પરિસંવાદમાં આવવા ઈચ્છતા દરેક પ્રતિનિધિએ પરિસંવાદ દરમ્યાન ચા-નાસ્તો, ભોજન રહેઠાણ અને ડેલીગેટફીની ભેગી રકમ રૂપિયા **૧૦૦૦/- (અંકે એક રૂપિયા હજાર પુરા)** મોકલવાની રહેશે. માત્ર રહેઠાણ (ઉતારા)ની વ્યવસ્થા જોઈતી ન હોય તેવા પ્રતિનિધિઓએ **₹ ૮૦૦/- (અંકે રૂપિયા આઠસો પુરા)** મોકલવાના રહેશે. આ અંકમાં આપેલ ફોર્મની ઝેરોક્ષ કાઢી યોગ્ય માહિતી ભરીને એટપારના ચેકથી અથવા ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદના નામના ડીમાન્ડ ડ્રાફ્ટથી સંઘના મંત્રીશ્રી કિરીટભાઈ ગંધકવાલાને તા. ૨૫-૧-૨૦૨૨ સુધીમાં મોકલવાની રહેશે. નાણાં મની ઓર્ડરથી કે કોઈ પણ સહકારી બૅંકના ચેકથી મોકલવા નહીં. તેમજ બૅંક બેલેન્સ સિવાયના ચેક પણ મોકલવા નહીં.

દરેક નોંધાયેલા પ્રતિનિધિને બુક ઑફ પેપર્સ, કીટ, પેડ, બોલપેન, દરરોજ સવારનો ચા-નાસ્તો, બપોરનું ભોજન, સાંજે ચા તથા સાંજના ભોજન માટેની કુપન બુક, મર્યાદિત સંખ્યામાં રહેવાની વ્યવસ્થા વગેરે પૂરા પાડવામાં આવશે.

**વિદ્યાર્થીઓએ ₹ ૫૦૦/-**, નિવૃત્ત ગ્રંથપાલો તથા ગુજરાત રાજ્ય ગ્રંથાલય ખાતા તરફથી અનુદાન મેળવતા સાર્વજનિક ગ્રંથાલયના પ્રમુખ, મંત્રી, ગ્રંથપાલે **રૂપિયા ૮૦૦/-** મોકલવાના રહેશે.

જે કોઈ પ્રતિનિધિ આજીવન સભ્ય ન હોય તો તેઓએ **રૂપિયા ૨૦૦/- વાર્ષિક સભ્ય ફી અથવા આજીવન સભ્ય ફી ₹ ૧૫૦૦/-** ઉમેરીને રકમ મોકલવી. દરેક પ્રતિનિધિએ સંઘના સભ્ય થવું ફરજિયાત છે. આ ફી ડેલીગેટ ફીની સાથે મોકલવી ફરજિયાત છે. એટપાર ચેક/ડીડીની પાછળ પ્રતિનિધિએ પોતાનું નામ, સ્થળ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત છે. આપણને સારો એવો પગાર મળે છે માટે દર વર્ષે યાદ કરી વાર્ષિક ફી ભરવી તેના બદલે એક વખત આજીવન ફી **₹ ૧૫૦૦/-** ભરી દેવા અપીલ છે. તેનાથી વહિવટમાં પણ સરળતા રહેશે.

→ સ્પોટ રજિસ્ટ્રેશન કરવામાં આવશે નહીં, પરંતુ અનિવાર્ય સંજોગોમાં અપવાદરૂપ કિસ્સામાં સ્પોટ રજિસ્ટ્રેશન કરાવનારને રૂપિયા ૩૦૦/- (ત્રણસો) વધારાના આપવાના રહેશે. (સ્પોટ રજિસ્ટ્રેશન કરાવનારને રહેઠાણની વ્યવસ્થા ખાલી હશે તો અપાશે.)

**ઉતારા અંગે ખાસ નોંધ :**

રહેઠાણમાં આશરે ૧૦૦ + વ્યક્તિની જ રહેવાની વ્યવસ્થા થઈ શકશે. ઉપરોક્ત વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. આથી રજિસ્ટ્રેશન તુરંત કરાવવું અત્યંત જરૂરી છે.

★ રૂમમાં પલંગ / ગાદલાની વ્યવસ્થા કરવામાં આવશે.

★ ભાઈઓ અને બહેનો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવશે.

## ગુજરાત પુસ્તકાલય મંડળ અને મહેસાણા જિલ્લા પુસ્તકાલય મંડળનો રાજ્ય કક્ષાનો સેમિનાર

આજે મોબાઈલ અને ઈન્ટરનેટના જમાનામાં પુસ્તકાલયોમાં વાચકોની સંખ્યા ઘટતી જાય છે. ત્યારે પુસ્તકાલયોમાં પુસ્તક વાંચનમાં યુવાનો અને બાળકોને રસ પડે તે માટે ગુજરાત પુસ્તકાલય મંડળ અને મહેસાણા જિલ્લા પુસ્તકાલય મંડળ દ્વારા તા. ૧૭-૧૦-૨૦૨૧ને રવિવારના રોજ રાજ્ય કક્ષાનો પુસ્તકાલય સુસંચાલન પરિસંવાદ યોજાયો. જેમાં શરૂઆતમાં સાર્વજનિક કન્યા વિદ્યાલય મહેસાણાની વિદ્યાર્થીનીઓની પ્રાર્થનાથી થઈ. મહેમાનોનું સ્વાગત પ્રવચન અને પરીચય મહેસાણાના છ. પી. પારેખ સાર્વજનિક પુસ્તકાલયના પ્રમુખ અને જિલ્લા પુસ્તકાલય મંડળના ઉપપ્રમુખ હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ પરિસંવાદ કન્વિનર એ ખૂબ સુંદર રીતે આપીને તેઓનું શાલ, ટ્રોફી, પુસ્તકથી અને પાંચ મહાનુભાવોને સન્માન પત્રો એનાયત કરીને સન્માન કરવામાં આવ્યું. ગુજરાત રાજ્ય ખેતી બેંકના પૂર્વ અધ્યક્ષ ધિરેનભાઈ ચૌધરી અને પુસ્તકાલય માસિકના સંપાદક અવિનાશભાઈ મણિયારના આવેલ સંદેશા વાંચી સંભળાવ્યા. મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્ય અને પરિસંવાદ ઉદ્‌ઘાટન બાદ સામાજિક આગેવાન અને પરિસંવાદના અધ્યક્ષ સ્થાનેથી મહેસાણા જિલ્લા પુસ્તકાલય મંડળના પ્રમુખ ગોવિંદભાઈ ચૌધરીએ તેમની વિશિષ્ઠ શૈલીમાં સગવડો અને સમૃદ્ધ પુસ્તકાલયોની સમાજમાં જરૂરિયાત ઉપર ભાર મૂક્યો કે જેથી યુવાનો પુસ્તકાલયોમાં આવતા થાય. ભોજન દાતા શીવરામભાઈ ચૌધરી પૂર્વ ખેતી નિયામકે યુવાનોને પોતાના અનુભવોથી પુસ્તકાલયોનું જીવનમાં કેટલું બધું મહત્વ છે તે સમજાવ્યું. આજના યુગમાં જીપીએસસી જેવી પરીક્ષાઓ પાસ કરીને સરકારમાં અધિકારી બનવા માટે જનરલ નૉલેજ ખૂબ જરૂરી છે. જે પુસ્તકાલયોમાંથી જ મળી શકશે. બીજા ભોજનદાતા અને સામાજિક આગેવાન હરીભાઈ ચૌધરીએ કહ્યું કે દરેક ઉંમરના લોકોએ પુસ્તકોનું વાંચન કરીને સારા વિચારો જીવનમાં ઉતારવા જોઈએ. આ પરિસંવાદ માટે નિઃશુલ્ક હોલ દાતા અને સાર્વજનિક કેળવણી મંડળના મહામંત્રી દિલીપભાઈ ચૌધરીએ પણ તેમની સંસ્થાની શાળા કૉલેજોમાં વિવિધ ફેકલ્ટીમાં પુસ્તકાલયો છે. જેમાં ઘણા એરકન્ડીશન્ડ પણ છે. વિદ્યાર્થીઓ તેનો ખૂબ સારો લાભ લે છે. અને જીવનમાં આગળ આવે છે. ગુજરાત સરકાર ગાંધીનગરમાં મદદનીશ નિયામક અને ડાયરેક્ટર ઑફ લાયબ્રેરીઝ ડૉ. પંકજભાઈ ગોસ્વામીએ પુસ્તકાલયોના વહિવટદારો અને ગ્રંથપાલોને જણાવ્યું કે પુસ્તકાલયો અંગેની તમારી કોઈપણ તકલીફો હોય તો અરજી દ્વારા કે રૂબરૂ મને જણાવો તો તાત્કાલિક તેનો ઉકેલ લાવવાનું વચન આપું છું. ગુજરાત પુસ્તકાલય મંડળ, વડોદરાના પ્રમુખ અને મહેસાણા જિલ્લા પુસ્તકાલયના મહામંત્રી ભાથીભાઈ ચૌધરીએ દાતાઓ અને મહેમાનોનો આભાર માનતા જણાવ્યું કે સારા પુસ્તકો વિચારોની શુદ્ધિ કરીને ઉત્તમ જીવન જીવવાની રીત બતાવે છે. દરેક ઘરમાં પાંચ સારા પુસ્તકો હોવા જોઈએ. ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખ પંકજભાઈ બાવિશીએ પુસ્તકાલયોના સારા સંચાલન માટે સરકારશ્રીએ ગ્રંથપાલોની ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા માટે જણાવ્યું. આ પ્રસંગે રણાસણ તા. સતલાસણાના હરીભાઈ ચૌધરીએ દરેક ડેલિગેટને તેમના લિખીત "ભારતીય કેળવણીનું આદર્શ જીવન ભાગ-૨" ભેટ આપી. જ્યારે લેખક દેવેન્દ્રભાઈ ચૌધરીના પાંચ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગુજરાત સ. સ. મંડળના અધ્યક્ષ પ્રાગજીભાઈ પટેલ અને ઉપાધ્યક્ષ હરીભાઈ પટેલ, પાટણ જિલ્લા પુ. મંડળના પ્રમુખ શાંતિલાલ ઠક્કર, લોક સાહિત્યકાર ઈશ્વરભાઈ ચૌધરી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના મહામંત્રી કિરીટભાઈ ગંધકવાલા, મહેસાણા જિલ્લા ગ્રંથાલયના મદદનીશ નિયામક બાબુભાઈ દેસાઈ અને ગ્રંથપાલ ડૉ. ભગવતીબહેન પ્રજાપતિએ ખાસ હાજરી આપી હતી. આભાર વિધિ આચાર્યા શાંતાબેન ચૌધરીએ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા પલકાબેન ચૌધરી અને આચાર્યા વર્ષાબેન ચૌધરીએ ખૂબ સુંદર રીતે કરેલ. અંતમાં રાષ્ટ્રગીતના ગાન પછી સૌ સાથે સુરૂચિ ભોજન લઈને સમાપ્તિ કરેલ. (અહેવાલ સંક્ષિપ્તમાં) – **વિજયભાઈ દવે**

**Ahmedabad Library Network**
(ADINET)
C/o. Sadvichar Parivar, Ramdevnagar, Satellite Road,
Ahmedabad-380015.
Ph. : +91 79 2686 0730
E-mail : alibnet@gmail.com • www.alibnet.org

પ્રતિશ્રી,
માનનીય શ્રી હર્ષ સંઘવી સાહેબ,
રાજ્ય કક્ષાના મંત્રી,
રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ...
ગુજરાત રાજ્ય, નવા સચિવાલય, ગાંધીનગર.

**વિષય : ગુજરાત સરકાર સંચાલિત વિવિધ સ્તરનાં સરકારી ગ્રંથાલયો - તાલુકા, જિલ્લા અને મધ્યસ્થ ગ્રંથાલય વ્યાવસાયિકોની ભરતી કરવા બાબત.**

**સન્માનનીયશ્રી,**

આપશ્રી સુવિદિત છો જ કે સાર્વજનિક ગ્રંથાલયો શિક્ષણ અને સંસ્કાર સિંચન તથા ઉમદા વાચકો તૈયાર કરવાનાં ધરુવાડીયાં છે. સ્વસ્થ, સમરસ અને જ્ઞાનસમૃદ્ધ સમાજના ઘડતર અને ચણતર માટે સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહી હોવાથી આ ગ્રંથાલયોને 'જનસમાજની વિદ્યાપીઠ', 'શક્તિપ્રતિષ્ઠાન', 'જ્ઞાનકેન્દ્રો' વગેરે હુલામણા નામોથી ઓળખવામાં આવે છે. આ ગ્રંથાલયો વિદ્યાર્થીઓની જ્ઞાનપિપાસા સંતોષવાની સાથે જ તેમની કારકિર્દી ઘડતરમાં પણ નોંધપાત્ર ફાળો આપે છે અને તેથી જ પશ્ચિમના દેશો સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિનું સુદ્રઢ વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં ઉચ્ચ અગ્રતા આપે છે. આપણા નીતિ-નિર્ધારકો તેમજ બૌદ્ધિકો પશ્ચિમનાં ગ્રંથાલયોની મુલાકાત લઈને તેની ભારે પ્રશંસા પણ કરતા રહે છે. ભૂતપૂર્વ વડોદરા રાજ્યના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડે પોતાના રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોનું નમુનેદાર માળખું ગોઠવીને ગામે ગામ ગ્રંથાલય સેવાઓ પૂરી પાડી હતી.

સન્માનનીય સાહેબશ્રી, આપશ્રીની નિશ્રામાં સંચાલિત વિભાગ દ્વારા અર્થાત્ ગુજરાત સરકારના સીધા નિયંત્રણ હેઠળ સંચાલિત વિવિધ સ્તરનાં સાર્વજનિક ગ્રંથાલયોની આજની તારીખે યથાતથ સ્થિતિ નીચે મુજબ છે.

- ગુજરાત રાજ્ય ગ્રંથાલય નિયામકની જગ્યા ૧ જૂન ૨૦૧૨ની ખાલી છે.
- રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર અને મધ્યવર્તી ગ્રંથાલય, વડોદરામાં નીચે દર્શાવ્યા મુજબની ગ્રંથાલય વ્યવસાયિક કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે.
- રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર અને વડોદરામાં ગ્રંથપાલ, વર્ગ-૧ની ૨ જગ્યાઓ ખાલી છે.
- ગુજરાતના પૈકી ૭ જિલ્લા ગ્રંથાલયોની સ્થાપના જ કરવામાં આવી નથી, તેથી આ જિલ્લાઓમાં ગ્રંથાલયોની સ્થાપના કરવા વિનંતી છે.
- કાર્યરત કુલ ૩૩ જિલ્લા ગ્રંથાલય પૈકી ૧૧ જિલ્લા ગ્રંથાલયોમાં ગ્રંથપાલની જગ્યા ખાલી છે. આ જગ્યાનો હવાલો નીચલના સ્તરનાં કર્મચારીઓને કામ આપીને કામ ચલાવવામાં આવી રહ્યું છે.
- જિલ્લા/તાલુકા મદદનીશ ગ્રંથપાલોની ૫૮ જગ્યાઓ ખાલી છે.
- ગુજરાતમાં કુલ ૨૫૦ તાલુકાઓ પૈકી ૫૪ તાલુકાઓમાં ગ્રંથાલયોની સ્થાપના કરવામાં આવી નથી, આ ૫૪ તાલુકાઓમાં યથાશીઘ્ર તાલુકા ગ્રંથાલયોની સ્થાપના કરવા વિનંતી છે.
- વિવિધ સ્તરનાં સરકારી ગ્રંથાલયોમાં ગ્રંથાલય કારકુરોની ૪૬ જગ્યાઓ ખાલી છે.

- આ બધી ભરવામાં TOP PRIORITY આપવા પુનઃ વિનંતી છે.
- આ સાથે જ અમારી ખાસ વિનંતી છે કે જેમ ગુજરાતના પ્રત્યેક ગામમાં સરકારી પ્રાથમિક શાળાની સ્થાપના કરવામાં આવી છે તેવો જ નીતિવિષયક નિર્ણય લઈને પ્રત્યેક ગામમાં સરકારી સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના કરવામાં આવે અને તેના પ્રશિક્ષિત ગ્રંથપાલની નિમણૂક સરકારીએ પ્રાથમિક શાળાના શિક્ષક સમકક્ષ પગારધોરણથી કરવામાં આવે. આ સૂચિત ગ્રંથાલયો માત્ર પુસ્તક લેવડ-દેવડની કામગીરીથી મર્યાદિત ન બની રહેતાં ગામની માહિતી જરૂરિયાતો પૂરી પાડવામાં અને ખેડૂતલક્ષી સરકારી યોજનાઓની માહિતી પૂરાં પાડનારા માહિતી કેન્દ્રો બની રહેવાની સાથે ગામના યુવકોને સ્પર્ધાત્મકતા પરીક્ષાઓ માટે પ્રોત્સાહન પૂરું પાડીને આવશ્યક સાહિત્ય પૂરું પાડનાર જ્ઞાનકેન્દ્રો બની રહેશે. આ ગ્રંથપાલો ખરા અર્થમાં ગામના વિકાસના અને સર્વાંશે રાષ્ટ્રના વિકાસના પાયાના સ્તંભ બની રહેશે.

પુનઃ આપ સાહેબની અમારી નમ્ર વિનંતી છે કે સરકાર હસ્તકનાં વિવિધ સ્તરનાં ગ્રંથાલયોમાં ગ્રંથાલય વ્યવસાયિકોની વર્ષોથી ખાલી પડેલી જગ્યાઓ ઉપર ભરતી કરીને આ બધાં ગ્રંથાલયોને Vibrant ક્રિયાશીલ ગ્રંથાલયોમાં પરિવર્તન કરવામાં આવે.

લિ.
અમો છીએ,

(પ્રવીણ ક. લહેરી)
ચેરમેન એડીનેટ

Rhoda Bharucha
Hon. Director
ADINET

પ્રમુખ મંત્રી ખજાનચી
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ

GUJARAT GRANTHALAYA SEVA SANGH

---

**અનુસંધાન પાના નં. ૨૨ ઉપરથી**

રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં એસ.એસ.સી. પછી એક વર્ષ ભણ્યો ત્યારે કૉલેજની બાજુમાં જ આવેલા 'શ્રી રામકૃષ્ણ આશ્રમ'ની લાઈબ્રેરીનો પણ ઠીક ઠીક લાભ લીધેલો - ખાસ કરીને સામયિકોનું મારું વાંચન આ રીતે ચાલુ રહેલું.

હાઈસ્કૂલની, કૉલેજની અને પાઠ્યપુસ્તક મંડળની નોકરી દરમિયાન આ સંસ્થાઓની લાઈબ્રેરીનાં પુસ્તકો વસાવવામાં મેં ઘણો રસ લીધેલો. પુસ્તકઅવલોકનનું સામયિક 'ગ્રંથ' એ સમયે પ્રગટ થતું. 'ગ્રંથ'માં આવેલાં અવલોકનોના આધારે આ ત્રણેય સંસ્થામાં મેં પુસ્તકો વસાવેલાં. આમાંનાં બધાં તો નહીં, પણ ઠીક ઠીક કહેવાય એટલાં ઉત્તમ પુસ્તકો હું વાંચી શક્યો હતો.

ઘણાં વર્ષો પહેલાં મેં વાંચેલું કે સુરેશ દલાલ અને હરીન્દ્ર દવે પોતાના પગારના ૨૫ ટકા રકમનો ઉપયોગ પુસ્તકો ખરીદવામાં કરે છે. આ વાંચીને મને થતું કે હું પણ આ રીતે પુસ્તકો ખરીદી શકું તો કેવું સારું ! એક રૂમ-રસોડાવાળા મકાનમાં રહેતો હતો ત્યારે થતું હતું કે પુસ્તકો રાખવા માટે મારી પાસે અલાયદો રૂમ હોય તો કેવું સારું ! આજે ઈશ્વરકૃપાથી થોડાંક પુસ્તકો ખરીદી શકું છું ને પુસ્તકો રાખવા માટે અલગ રૂમની પણ સગવડ થઈ છે. મારા ગૃહપુસ્તકાલયમાં બેઠો હોઉં છું ત્યારે મંદિરમાં બેઠો હોઉં એવી અનુભૂતિ થાય છે.

**Ahmedabad Library Network**
(ADINET)
C/o. Sadvichar Parivar, Ramdevnagar, Satellite Road,
Ahmedabad-380015.
Ph. : +91 79 2686 0730
E-mail : alibnet@gmail.com • www.alibnet.org

પ્રતિશ્રી,
માનનીય શ્રી જીતુભાઈ વાઘાણી સાહેબ,
શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય,
નવા સચિવાલય, ગાંધીનગર.

**વિષય : ગુજરાત સરકાર દ્વારા અનુદાનિત 'યુનિવર્સિટીઓમાં લાઇબ્રેરિયન' અને તેની સાથે સંલગ્ન સરકારી અને અનુદાનિત કોલેજોમાં, 'કોલેજ ગ્રંથપાલો'ની ભરતી કરવા બાબત.**

**સન્માનનીયશ્રી,**

આપશ્રી સુવિદિત છો જ કે રાજ્ય અને રાષ્ટ્રના સ્વસ્થ અને સમરસ વિકાસ તેમજ જ્ઞાન આધારિત સમાજ નિર્માણ માટે પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ એ એક અનિવાર્ય આવશ્યકતા છે. આ હેતુ રાજ્ય/કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ સ્તરની શિક્ષણ સંસ્થાઓની સ્થાપનાની સાથે તેનો સુયોગ્ય નિર્વાહ પણ કરવામાં આવે છે. આ અંતર્ગત જ્ઞાનના પ્રમુખ સંવાહકો એવા તેના પ્રાણસમાન શિક્ષકો / અધ્યાપકો અને ગ્રંથાપાલોની અનિવાર્ય આવશ્યકતા બની રહે છે. આ જરૂરિયાત વિશે ભાગ્યે જ કોઈ સ્પષ્ટતા કરવાની રહે છે.

માનનીય સાહેબશ્રી વર્ષોની પરંપરા મુજબ રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત અને સરકારી માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની સાથે જ ગ્રંથપાલોની પણ નિમણૂક કરવાની પ્રથા અમલીકૃત રહી છે. પરંતુ કોઈ અગમ્ય કારણોસર **વર્ષ ૧૯૯૫થી માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ગ્રંથપાલોની ભરતી કરવાનું બંધ કરવામાં આવતાં હાલમાં ૫૬૦૦ જેટલી શાળાઓમાં ગ્રંથપાલોની જગ્યાઓ ખાલી રહેવા પામી છે.**

માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાઓની માફક જ રાજ્યની અનુદાનિત યુનિવર્સિટીઓ અને તેની સાથે સંલગ્ન સરકારી અને અનુદાનિત કૉલેજોમાં પણ **પ્રાયઃ ૧૯૯૮થી ગ્રંથપાલો** અને સહાયક ગ્રંથાલય વ્યાવસાયિકોની ભરતી કરવામાં આવતી નથી, જેના પરિણામે હાલમાં કુલ ૨૮ પૈકી **૨૪ અનુદાનિત યુનિવર્સિટીઓ, ૨૬૦ અનુદાનિત કૉલેજો અને ૫૦થી અધિક સરકારી કૉલેજોમાં ગ્રંથપાલોની જગ્યાઓ ખાલી છે.** માનનીય સાહેબશ્રી આપશ્રી જાણો જ છો કે રાજ્ય / રાષ્ટ્રના આર્થિક અને ઔદ્યોગિક વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ એકમાત્ર પ્રમુખ આધારસ્રોત છે અને આ હેતુઓની પૂર્તિ અર્થે અધ્યાપકો અને ગ્રંથપાલો પાયાની આવશ્યકતા હોવા છતાં તેની ભરતી ન કરીને ઉપેક્ષા સેવવામાં આવી રહી છે.

માનનીય સાહેબશ્રી, આ વાસ્તવિકતાને ધ્યાને લઈ અમે આપ સાહેબના અધિનસ્થ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી-પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના તેમજ રાજ્યકક્ષાના મંત્રીશ્રી - ઉચ્ચ શિક્ષણને સંદર્ભે યોગ્ય તે કાર્યવાહી કરવા વિનંતી કરી છે તે પત્રોની નકલો આ સાથે બીડેલ છે.

શિક્ષણના વ્યાપક હિતને ધ્યાને લઈ પ્રસ્તુત સમસ્યા સંદર્ભે સહાનુભૂતિપૂર્વક યથાશીઘ્ર યોગ્ય તે કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

શિક્ષણને ગતિ અને દિશા પ્રેરનારાં આપણાં શિક્ષણપંચો - રાધાકૃષ્ણન કમિશન (૧૯૪૮)થી શરૂ કરી 'શિક્ષણનીતિ-૨૦૨૦' સુધીનાં એ આ બંને ઉપર ખાસ ભાર મુક્યો છે. કોઠારી કમિશને તો આપણને ચેતવતાં સ્પષ્ટ ભલામણ કરી હતી કે,

"No new university, college or department should be set up without taking into account of its library need in terms of staff, books, journals, space etc. Nothing could be more damaging to a growing department than to neglect its library or to give low priority. On the contrary, the library should be an important centre of attraction on the college or univerisity campus."

આજનાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનાં ગ્રંથાલયો માત્ર પુસ્તક આદાન-પ્રદાનનાં કેન્દ્રો સુધી સીમિત ન બની રહેતાં વૈવિધ્યપૂર્ણ સેવાઓ પ્રદાન કરનારાં ક્રિયાશીલ જ્ઞાનકેન્દ્રો તરીકે આગવી ઓળખ પામ્યાં છે. આ ગ્રંથાલયોમાં Value added સંવર્ધિત સેવાઓ પૂરી પાડવા માટે ગ્રંથાલયના પ્રાણસમાન ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના પ્રશિક્ષિત ગ્રંથપાલોની ઉપસ્થિત નિર્વિકલ્પ અનિવાર્ય છે. સંબંધિત વિષયના અધ્યાપકની માફક ગ્રંથપાલની નિમણૂક પણ mandatory છે. કોઈ કૉલેજે યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા માટે અન્ય શરતોની સાથે કૉલેજ ગ્રંથપાલની નિમણૂક પણ ફરજિયાત છે.

લિ.
અમો છીએ,
(પ્રવીણ ક. લહેરી)
ચેરમેન એડીનેટ

Rhoda Bharucha 20/10
Hon. Director
ADINET

પ્રમુખ મંત્રી ખજાનચી
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ

GUJARAT GRANTHALAYA SEVA SANGH

---

## અપીલ

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા પ્રકાશિત "ગ્રંથાલોક"ના અંક સંપૂર્ણ કાળજીપૂર્વક દરેક આજીવન અને વાર્ષિક સભાસદોને મોકલવામાં આવે છે. કેટલાક ગ્રંથપાલ મિત્રોની ફરિયાદ આવે છે કે, અમોને અંક મળેલ નથી. તો પોતાના વિસ્તારમાં આવેલ પોસ્ટ ઑફિસમાં લેખિત ફરિયાદ આપે. આપણે તો મોકલી આપીએ છીએ પરંતુ ગમે તે કારણે કોઈક સભ્યોને અંક મળતા નથી. આથી અપીલ કરવામાં આવે છે કે, જે કોઈ ગ્રંથપાલ મિત્રને અંક મળે ત્યાર બાદ તે ગ્રંથપાલ મિત્ર તેમના સંપર્કમાં હોય તેવા ગ્રંથપાલ મિત્રોને સંઘની પ્રવૃત્તિની જાણ કરે. આભાર...

**Ahmedabad Library Network**
(ADINET)
C/o. Sadvichar Parivar, Ramdevnagar, Satellite Road,
Ahmedabad-380015.
Ph. : +91 79 2686 0730
E-mail : alibnet@gmail.com • www.alibnet.org

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી,
ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ અધ્યાપક મહામંડળ,
અમદાવાદ.

**વિષય : ગુજરાત સરકાર દ્વારા અનુદાનિત યુનિવર્સિટીઓમાં 'યુનિવર્સિટી લાઇબ્રેરિયન' અને તેની સાથે સંલગ્ન સરકારી અને અનુદાનિત કોલેજોમાં, 'કોલેજ ગ્રંથપાલો'ની ભરતી કરવા બાબત.**

**સન્માનનીયશ્રી,**

આપશ્રી સુવિદિત છો જ કે ઉચ્ચ શિક્ષણ ધ્યેયોની સાંગોપાંગ પૂર્તિ અર્થે અધ્યાપકો અને તેની સાથે ગ્રંથપાલોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. આ અનિવાર્ય આવશ્યકતાને ધ્યાને લેતાં આપણા દેશમાં વખતોવખત નિમાયેલાં શિક્ષણપંચો દ્વારા અધ્યાપકોની સાથે જ ગ્રંથપાલોને પણ એકસમાન દરજ્જો અને પગારધોરણો આપવાની ભલામણ કરવામાં આવતી રહી છે. જેનો સ્વીકાર યુજીસી દ્વારા કરવામાં આવતાં ગુજરાત સરકાર દ્વારા પણ અધ્યાપકોની સાથે જ ગ્રંથપાલોને પણ યુજીસી સૂચિત પગારધોરણ આપવામાં આવી રહ્યું છે. એક સમાન દરજ્જાને ધ્યાને લેતાં **'ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ અધ્યાપક મહામંડળ'**ના સભ્ય તરીકે કૉલેજ ગ્રંથપાલોને પણ સભ્ય બનાવવામાં આવ્યા છે.

આપશ્રીને સાદર જણાવવાનું કે પ્રાયઃ વર્ષ ૧૯૯૮થી યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં ગ્રંથપાલોની ભરતી કરવામાં આવતી ન હોવાથી ગ્રંથાલય સેવાઓની ભારે ઉપેક્ષા કરવામાં આવી રહી છે. આજની સ્થિતિએ અનુદાનિત યુનિવર્સિટીઓ પૈકી ૨૪ યુનિવર્સિટીઓમાં, અનુદાનિત કૉલેજો પૈકી ૨૬૦ કૉલેજોમાં અને ૫૦થી અધિક સરકારી કૉલેજોમાં ગ્રંથપાલોની જગ્યાઓ ખાલી છે. આ વાસ્તવિક સ્થિતિને ધ્યાને લઈને આપશ્રીને અમારી સાદર વિનંતી છે કે રાજ્યના ઉચ્ચ શિક્ષણના હિતને ધ્યાને લઈને અમારી માંગણીમાં આપનો સાથ-સહકાર આપશોજી. અધ્યાપક સિવાય ક્રિયાશીલ ગ્રંથાલય અને ગ્રંથપાલની આવશ્યકતા કોણ સમજી શકે ? અમારી માંગણી સંદર્ભે અમે રાજ્યકક્ષાના મંત્રીશ્રી-ઉચ્ચ શિક્ષણ અને રાજ્યના શિક્ષણમંત્રીશ્રીને સાદર વિગતવાર આવેદનપત્રો આપ્યાં છે, જેની નકલો આ સાથે બીડેલ છે.

પુનઃ સાદર પ્રાર્થના છે કે શિક્ષણના હિતમાં અમારી માંગણી સંદર્ભે શિક્ષણ મંત્રીશ્રીને ઘટતું કરવા ભારપૂર્વક જણાવવા વિનંતી છે. અમને શ્રદ્ધા છે કે આપશ્રીના બે બોલ અમારી વેદનાને સાકાર કરવા માટે પર્યાપ્ત બની રહેશે.

લિ.
અમો છીએ,

(પ્રવીણ ક. લહેરી)
ચેરમેન એડીનેટ

Rhoda Bharucha
Hon. Director
ADINET

**પ્રમુખ મંત્રી ખજાનચી**
**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ**

GUJARAT GRANTHALAYA SEVA SANGH

**Ahmedabad Library Network**
(ADINET)
C/o. Sadvichar Parivar, Ramdevnagar, Satellite Road,
Ahmedabad-380015.
Ph. : +91 79 2686 0730
E-mail : alibnet@gmail.com • www.alibnet.org

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી,
ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ,
અમદાવાદ.

**વિષય : ગુજરાતની સરકારી અને રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ગ્રંથપાલોની ભરતી કરવા બાબત.**

**સન્માનનીયશ્રી,**

આપશ્રી સુવિદિત છો જ કે માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શિક્ષણના ધ્યેયોની પરિપૂર્તિ અર્થે આવશ્યક માળખાગત સુવિધાઓ અંતર્ગત શિક્ષકો અને ગ્રંથપાલોએ પાયાની આવશ્યકતા છે અને તેથી જ માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાની સ્થાપનાની સામે જ ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે છે. ગ્રંથાલય અને ગ્રંથપાલ તો વર્ગખંડ શિક્ષણનાં યથાર્થમાં પૂરક અંગો હોવાથી વર્ષોથી ગ્રંથપાલની નિમણૂકની પરંપરા રહી છે, પરંતુ કોઈ કારણોસર પ્રાયઃ છેલ્લા અઢી દસકથી ગ્રંથપાલની ભરતી ઉપર કાપ મૂકવામાં આવ્યો છે. પરિણામે આજે ગુજરાતની ૫૬૦૦ જેટલી માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ગ્રંથપાલ નથી. પરિણામે સ્વભાવિક રીતે જ ગ્રંથપાલના અભાવે સંબંધિત શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગ્રંથાલય સેવાઓથી વિમુખ રહેતા આવ્યા છે. જેના નુકસાનની કલ્પના પણ ન થઈ શકે. આપશ્રી જાણો જ છો કે શાળાના વિદ્યાર્થીઓમાં વાંચનરસ પ્રદીપ્ત કરવા અને ટકાવવા માટે શાળા ગ્રંથાલાયી ધરુવાડિયા સમાન હોવા છતાં તેની ભારે ઉપેક્ષા કરવામાં આવી રહી છે.

શિક્ષણના વ્યાપક હિતને ધ્યાને લઈને માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ગ્રંથપાલની ભરતી કરવા માટે રાજ્યકક્ષાના મંત્રીશ્રી - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણને અમે આવેદન-પત્ર આપેલ છે, જેની નકલ આ સાથે બીડેલ છે. આ તબક્કે અમારી આ માંગણીને ટેકો આપી રાજ્ય સરકારમાં રજૂઆત કરવા માટે વિનંતી છે. આપશ્રીના હાર્દિક સહકારની અભિલાષા સહ.

લિ.
અમો છીએ,

(પ્રવીણ ક. લહેરી)
ચેરમેન એડીનેટ

Rhoda Bharucha 20/10
Hon. Director
ADINET

**પ્રમુખ મંત્રી ખજાનચી**
**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ**

GUJARAT GRANTHALAYA SEVA SANGH

# મારી વાચનકથા

– રતિલાલ બોરીસાગર

'ગ્રંથાલય સપ્તાહ'ની ઉજવણી નિમિત્તે આપણે મળ્યાં છીએ. પોણા બે વરસના કોરોનાસર્જિત ગુપ્તવાસ પછી પહેલી વાર આ રીતે મળવાનું થયું છે. અત્રે ઉપસ્થિત આપ સૌનું અને ફેસબુક પર આ કાર્યક્રમ નિહાળનારાં સૌનું અભિવાદન કરું છું. ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના મંગલ પ્રારંભે ગ્રંથાલયની ગૌરવગાથા કરતા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવાની તક મને મળી એ માટે 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'નો તથા વિશ્વકોશ ટ્રસ્ટના હૃદય સમા કુમારપાળભાઈ દેસાઈનો આભારી છું. આવા પ્રદર્શનના ઉદ્‌ઘાટક તરીકેની મારી કોઈ વિશેષ યોગ્યતા હોય એમ હું માનતો નથી, પણ પુસ્તકોને હૃદયપૂર્વક ચાહનારાંઓમાંનો હું એક છું, એટલી યોગ્યતાના આધારે આ ઉદ્‌ઘાટન કરવાની હિંમત કરી છે.

પ્રાથમિક શાળાના ચોથા ધોરણથી મને પુસ્તકનું વળગણ થયું હતું. આનંદશંકર ધ્રુવ પોતાનાં શાલેય પાઠ્યપુસ્તકોને પોતાનાં 'નાનપણનાં સાથી' તરીકે ઓળખાવે છે. ગુજરાતી ચોથા ધોરણ માટે નિયુક્ત થયેલું પાઠ્યપુસ્તક 'સૌરાષ્ટ્ર વાંચનમાળા' નાનપણનું મારું પહેલું સાથીદાર. આ સાથીદાર સાથે મારો સત્સંગ સતત ચાલ્યા કરતો. પાઠ્યપુસ્તકના પાઠો વારંવાર વાંચ્યા કરું. 'કાવ્ય' શબ્દ તો ત્યારે અજાણ્યો હતો, પણ એ પાઠ્યપુસ્તકની કવિતાઓનું જાતે સ્વરાંકન કરી હું મોટે મોટેથી ગાયા કરતો. બા બહુ રસપૂર્વક મને સાંભળતાં એટલે હું બહુ સારું ગાઉં છું એવો વહેમ પણ મને પડેલો. બા તો કેવળ પુત્રપ્રેમને કારણે જ રસપૂર્વક સાંભળે છે એવી ખબર ઘણી મોડી પડી - એટલે આ વહેમ ઘણો લાંબો સમય જીવિત રહેલો.

પાઠ્યપુસ્તકોના પાઠો વારંવાર વાંચવાની ટેવ છેક દસમા ધોરણ સુધી ટકી રહેલી - આ પછી માત્ર અઢાર વર્ષની ઉંમરે પ્રાથમિક શાળાનો શિક્ષક થયો અને ગ્રૅજ્યુએટ થયા પછી માધ્યમિક શાળાનો શિક્ષક થયો. આ બંને કક્ષાએ મેં તેર વર્ષ ભણાવ્યું - યોગાનુયોગ એવો હતો કે ગુજરાતી વિષયનાં જે પાઠ્યપુસ્તકો હું ભણ્યો હતો એ જ પાઠ્યપુસ્તકો મારે ભણાવવાનાં થયાં. આ પછી 'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ'માં ચોવીસ વર્ષ સુધી ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોના નિર્માણ સાથે સંકળાવાનું બન્યું. જે સાહિત્યકૃતિઓ હું ભણી ગયો હતો અને જે કૃતિઓ મેં ભણાવી હતી એમાંની મોટા ભાગની કૃતિઓ ફરી ફરી વાંચવામાં આવી. એ પછીના સમયની કેટલીક ઉત્તમ કૃતિઓનો પણ પાઠ્યપુસ્તકોના નિમિત્તે સંપર્ક થયો. આ કારણે ગુજરાતી સાહિત્યની ઉત્તમ સાહિત્યકૃતિઓનું પરિશીલન થતું રહ્યું. પાઠ્યપુસ્તકોનાં સંપાદન નિમિત્તે ઉત્તમ વિદ્વાનોનો સંસર્ગ થયો. આ કારણે સાહિત્યકૃતિનાં રસસ્થાનો અને મર્મસ્થાનોને સમજતો થયો.

પાંચમું કે છઠ્ઠું ધોરણ ભણતો હતો ત્યારે મારા મોટા ભાઈ હિંમતભાઈ એક વાર મને અમારા ગામ સાવરકુંડલાની જાહેર લાઈબ્રેરીમાં લઈ ગયા. નિશાળે જતાં ને નિશાળેથી પાછાં ફરતાં આ લાઈબ્રેરીનું મકાન રસ્તામાં આવતું. આ લાઈબ્રેરીના મકાન પર લગાવેલું 'જાહેર લાઈબ્રેરી' બોર્ડ પણ દરરોજ જોતો. પણ 'લાઈબ્રેરી' કિસ ચિડિયાં કા નામ હૈ - એની ખબર નહોતી. પણ ભાઈ મને પહેલી વાર લાઈબ્રેરીમાં લઈ ગયા ત્યારે ભોંયરામાં કીમતી ખજાનો જોઈ અલીબાબા જેમ ચકિત થઈ ગયા હતા તેમ હું ચકિત થઈ ગયો હતો. ચોથા ધોરણના પાઠ્યપુસ્તકમાં અલીબાબાનો પાઠ આવતો હતો એટલે અલીબાબા સાથે ઓળખાણ થઈ હતી. મકાનની અંદર જઈને જોયું તો ઊભાં સ્ટૅન્ડમાં છાપાં ભેરવેલાં હતાં. નગરજનો ઊભા ઊભા છાપાં વાંચતા હતા. બે ટેબલ પર સામયિકો પડ્યાં હતાં. 'સામયિક' શબ્દ જોકે ઘણો મોડો જાણ્યો. એસ.એસ.સી. સુધી બધાં સામયિકોને 'માસિક' તરીકે ઓળખતો હતો - એ સાપ્તાહિક કે પાક્ષિક

હોય તોપણ. પાંચસાત કબાટ ભરીને પુસ્તકો હતાં. કબાટનાં બારણાંમાં કાચ જડેલા હતા એટલે હારબંધ ગોઠવેલાં પુસ્તકો દેખાતાં હતાં. ભાઈએ બાલસામયિકોના ટેબલ પર બેસાડ્યો ને બાલસામયિક હાથમાં આપ્યું. બસ તે દિવસથી 'ગાંડિવ', 'રમકડું', 'બાલમિત્ર', 'બાલજીવન' વગેરે બાલસામયિકો સાથે ગાઢ દોસ્તી થઈ. 'ગાંડિવ'ના પાના પર બકોર પટેલ મળ્યા ને પહેલા મિલનથી જ બકોર પટેલ સાથે જનમોજનમનો સંબંધ બંધાઈ ગયો. ગાંડિવમાં બકોર પટેલની વાર્તાઓ ધારાવાહિક રૂપે આવતી હતી. 'ગાંડિવ'નો નવો અંક ન આવે ત્યાં સુધી બકોર પટેલની એની એ વાર્તા ફરી ફરી વાંચું. દરેક વખતે સરખી જ મજા પડે ! પછી બકોર પટેલની વાર્તાઓ પુસ્તકો રૂપે પ્રસિદ્ધ થઈ. ભાઈ લાઈબ્રેરીમાંથી આ પુસ્તકને ઘેર લઈ આવે ને મને વાંચવા આપે. પુસ્તક ઘરે લઈ આવવા માટે કંઈ પૈસા આપવા ન પડે - માત્ર ખાતું ખોલાવવા થોડા પૈસા ડિપૉઝિટ તરીકે આપવાના. 'ડિપૉઝિટ' એટલે શું એ સમજ્યો નહોતો. પણ પુસ્તકો સાવ મફતમાં ઘેર લાવી શકાય એવી વ્યવસ્થાથી મને ખૂબ નવાઈ લાગેલી. કારણ કે ખારી સિંગ કે બિસ્કિટ કે પીપરમિન્ટ લેવા જાઉં ત્યારે પૈસા આપવા પડતા હતા આ કારણે ઇચ્છા મુજબ 'ભાગ' લેવા જઈ શકાતું નહોતું. પણ પુસ્તકો ઇચ્છા મુજબ ઘેર લાવી શકાતાં હતાં. આ કંઈ જેવીતેવી બાદશાહી નહોતી ! બકોર પટેલનું પુસ્તક ઘેર આવે એટલે બા પાસે બકોર પટેલની વાર્તાઓનું મુખવાચન કરતો. બાની હાસ્યવૃત્તિ ઘણી સતેજ એટલે એમને આ વાર્તાઓ ખૂબ ગમતી. બા પાછાં એમની આગવી શૈલીમાં એ વાર્તાઓનું પુનર્કથન કરે. વાંચેલી વાર્તાઓ પણ બાના મોંએ ફરી સાંભળવાનું એટલું જ ગમતું. મારી હાસ્યવૃત્તિ ખીલવવામાં બકોર પટેલનું ઘણું મોટું યોગદાન છે. કવિ સુરેશ દલાલ કહેતા કે દરેક વ્યક્તિએ હૃદયના એક ખૂણામાં બકોર પટેલને ઉછેરવા જોઈએ. બકોર પટેલનું પાત્ર સરળ, નિષ્કપટ ને નિખાલસ ! સુરેશ દલાલનું કથન આ ગુણો કેળવવાના સંદર્ભમાં છે પણ બકોર પટેલ ઉતાવળા ને ભુલકણા પણ ખરા. એટલે નિર્દોષ ગરબડ-ગોટાળા પણ બહુ થાય. આ ગરબડ-ગોટાળાની વાર્તાઓ હાસ્યની છોળો ઉડાડે એવી છે. જીવરામ જોષીના 'મિયાં ફુસકી' અને તભા ભટના પાત્ર સાથે પણ એ દિવસોમાં ગાઢ આત્મીય સંબંધ બંધાયો હતો. છઠ્ઠું-સાતમું ધોરણ ભણતો હતો એ અરસામાં ભાઈ 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' દ્વારા પ્રકાશિત થયેલું પુસ્તક 'ભીમનાં પરાક્રમો' લઈ આવેલા. 'ભીમ'ના પાત્રના કારણે આ પુસ્તકમાં હાસ્યરસ કેન્દ્રસ્થાને છે. લેખકનું નામ ભૂલી ગયો છું, પણ એ વખતે આ પુસ્તક ત્રણચાર વાર વાંચેલું એ યાદ છે. એ પછી નાનાભાઈ ભટ્ટનાં પુસ્તકો 'રામાયણનાં પાત્રો' ને 'મહાભારતનાં પાત્રો' વાંચવાનાં થયાં એટલે સ્કૂલમાં હતો ત્યારથી જ 'રામાયણ' અને 'મહાભારત'ની કથાથી સુપરિચિત થયો હતો. પ્રેમાનંદનાં આખ્યાનો વાંચ્યાં તો કૉલેજના અભ્યાસ દરમિયાન પણ સ્કૂલમાં ભણતો ત્યારે અમારા ગામના હરિશંકર બાપા પ્રેમાનંદનાં આખ્યાનો કરતા એ સાંભળ્યાં ને માણ્યાં હતાં. હારમોનિયમ અને તબલાં સાથે હરિશંકરબાપા આખ્યાનો એવી સરસ રીતે રજૂ કરતા કે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈને સાંભળતા. અમારા ગામના કાશીવિશ્વનાથ મહાદેવના મંદિરમાં કથાકારો કથા કરવા આવતા ત્યારે હું પણ બા સાથે સાંભળવા જતો. આ કારણે આપણી પૌરાણિક કથાઓનો પરિચય શાળાના અભ્યાસ દરમિયાન થયો હતો. ધોરણ ૫-૬-૭નાં વર્ષો દરમિયાન વાલ્મીકિરામાયણના આખા ગ્રંથનો ગુજરાતી અનુવાદ બાને વાંચી સંભળાવેલો. શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો એક અધ્યાય સાંભળ્યા પછી જ જમવું એવો બાનો નિયમ હતો એટલે નિશાળેથી ૧૨ વાગ્યે આવીને દરરોજ બા આગળ એક અધ્યાય વાંચતો. પછી તો બા જાતે વાંચતાં શીખી ગયેલાં, તોપણ હું દરરોજ ગીતાપાઠ કરતો. અને તે પણ રોજના છ અધ્યાય ! આનું કારણ થોડું રમૂજી છે. ગીતાના મહાત્મ્યમાં એવું આવે છે કે ગીતાના છ અધ્યાય રોજ વાંચે એને છ હજાર વરસ સુધી ચંદ્રલોકનું રાજ્ય મળે ! છ હજાર વરસ ચંદ્રલોકના રાજા થવા માટે ઘણા વખત સુધી મેં દરરોજ ગીતાના છ અધ્યાયનો

પાઠ કરેલો ! પણ આ બધામાં એટલો બધો સમય જતો કે ભણવાનું-વાંચવાનું રહી જતું. એટલે પછી કચવાતે મને ચંદ્રલોકનું રાજ્ય જતું કરવું પડ્યું ! અમેરિકાને ચંદ્ર પર ચડાઈ કરવાનો વિચાર આવ્યો એનાં દસ વરસ પહેલાં મેં ચંદ્રલોક પર રાજ્ય કરવાના મનસૂબા સેવેલા !

અમારી જાહેર લાઈબ્રેરીમાં એ સમયનાં બધાં જ સાહિત્યિક સામયિકો આવતાં. નવમા-દસમા ધોરણમાં ભણતો હતો, એ બે વર્ષ દરમિયાન 'અખંડ આનંદ', 'નવચેતન', 'કુમાર', 'ગૃહમાધુરી' (પછીથી એનું નામ 'જીવનમાધુરી' થયું.) 'વિશ્વવિજ્ઞાન', 'આનંદ', 'ચેતન' - આ બધાં સામયિકો પૂરેપૂરાં વાંચતો. સામયિકો ઉપરાંત પુસ્તકો ઘેર લઈ જઈને વાંચતો. મને વાર્તા-નવલકથાનાં પુસ્તકોમાં જ રસ પડતો. એક વાર ભાઈએ ગાંધીજીની આત્મકથા વાંચવા આપી. એ વખતે નવમું ધોરણ ભણતો હતો. ગાંધીજીની આત્મકથામાં પણ મને ઘણો રસ પડ્યો હતો. આત્મકથાની પારદર્શિતાથી હું ઘણો પ્રભાવિત થયો હતો. 'પારદર્શિતા' શબ્દ જોકે તે વખતે હું જાણતો ન હતો.

અમારી શેરીમાં ભીખ માગનારાંઓ આવતાં. બા બહુ પ્રેમપૂર્વક ખાવાનું કે અનાજ આપતાં. ભગવાને આપણને આપેલા રોટલામાં સૌનો ભાગ છે એમ એ માનતાં. પણ કોઈને ભીખ શા માટે માગવી પડે ? કોઈને ત્યાં લગ્નપ્રસંગ હોય ત્યારે એઠુંજૂઠું ખાવાનું મેળવવા કેટલાક લોકોને શા માટે ટળવળવું પડે ? — આવા પ્રશ્નો મને થતા. (આજેય એનો જવાબ મળ્યો નથી.) હું ભાઈને અને બાને આ પ્રશ્નો પૂછતો. બા પાસે તો કોઈ જવાબ નહોતો પણ ભાઈએ એક વાર 'સમાજવાદ શા માટે ?' પુસ્તક લાવી આપ્યું. જયપ્રકાશ નારાયણના પુસ્તકનો એ ગુજરાતી અનુવાદ હતો. જયપ્રકાશ નારાયણ વિશે હું કશું જાણતો ન હતો. 'સમાજવાદ શા માટે ?' પુસ્તક વાંચી તો ગયો પણ મને ઝાઝી સમજ પડી નહીં. ભાઈએ કહ્યું કે જયપ્રકાશજી આપણા દેશના મોટા નેતા છે - જવાહરલાલ નહેરુ જેવા. જયપ્રકાશજી દેશમાં સમાજવાદ લાવવા માગે છે. દેશમાં સમાજવાદ આવે તો બધાં પોતાની શક્તિ મુજબ કામ કરે ને બધાંને એમની જરૂરિયાત પૂરતું મળી રહે - કોઈને ભીખ ન માગવી પડે. દેશમાં આવો સમાજવાદ આવે તો કેવું સારું ! - એવી લાગણી ત્યારેય થયેલી અને આજે પણ થાય છે.

સ્કૂલમાં ભણતો ત્યારે અમારા ગામના 'શ્રીકૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર'માં નિયમિત જતો. દેશી રમતોમાં ખૂબ રસ પડતો. વ્યાયામ મંદિરમાં એક નાના સરખા કબાટમાં કેટલાંક પુસ્તકો રહેતાં - નાનકડી લાઈબ્રેરી જ સમજો ને ! આ કબાટનાં બધાં પુસ્તકો મેં વાંચી કાઢ્યાં હતાં. એડગર રાઈસ બરોઝના ટારઝનની કથાના મૂળ પુસ્તકનો ગુજરાતી અનુવાદ મેં આ નાનકડી લાઈબ્રેરીમાંથી મેળવીને વાંચેલો.

હાઈસ્કૂલમાં ભણતો ત્યારે ઉત્તમ વાર્તા-નવલકથાઓનાં પુસ્તકોની સાથે સાથે જાસૂસી સાહિત્યનાં પુસ્તકો વાંચવામાં ખૂબ રસ પડેલો. ધનશંકર હી. ત્રિપાઠી, ચંદુલાલ જેઠાલાલ સોમૈયા, નાગરદાસ ઈ. પટેલ વગેરેનાં પુસ્તકો વાંચ્યાં હતાં. શેરલોક હોમ્સ કે પેરીમેસન જેવા ગુનાશોધકોનાં પુસ્તકો વિશે કશું ત્યારે જાણતો નહોતો - પણ આ પુસ્તકોની લખાવટ એટલી સરસ હતી કે પુસ્તક શરૂ કર્યા પછી પૂરું કર્યા વગર ચેન ન પડે. ડિટેક્ટિવ હરનામસિંહ, જયંત કે પેરીમેસનના ગુજરાતી અવતાર જેવું પાત્ર ચિત્રગુપ્ત વકીલ - આજેય યાદ છે. આ બધાં પુસ્તકોમાં નાગરદાસ ઈ. પટેલનાં ૨૦ પુસ્તકોનો સેટ વાંચવાની મને વિશેષ મજા પડી હતી. વાર્તા-નવલકથાનાં પુસ્તકોથી હૃદયની કેળવણી થયાનું અનુભવ્યું છે, પણ જાસૂસી સાહિત્ય વાંચવાથી બુદ્ધિની કેળવણી થઈ હોય કે તર્કશક્તિ ખીલી હોય એવું લાગતું નથી. એક વાર ટ્રેનની મુસાફરી દરમિયાન છાપામાં આવેલી જાસૂસી વાર્તા વાંચી રહ્યો હતો ત્યારે જ કોઈ મારા પેન્ટના ખિસ્સામાંથી દસ-દસ રૂપિયાની પાંચ નોટો સેરવી ગયું હતું.

**અનુસંધાન પાના નં. ૧૫ ઉપર**